RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૫૫૭ તા.૧૮–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ – ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) સુરત
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(વીજીલન્સ)
ખાતાકીય તપાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૨૮–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) ટી.પી.સ્કીમ નં.૧૩(અડાજણ) ફા.પ્લોટ નં.૭૨માં આવેલ શિવમ સોસાયટીના પ્લોટ નં.૧ અને ૨ માં બનાવવામાં આવેલ પંચવટી એપાર્ટમેન્ટમાં માર્જીનમાં બનાવેલ બાંધકામવાળી ભગવતી એસ્ટેટવાળી દુકાનને આપેલ પરવાનગી, ક્ષેત્રફળ, માળ પરવાનગી તથા પાર્કીંગ તેમજ જો પરવાનગી આપેલ હોય તો તે રહેઠાણ માટે કે કોમર્શિયલ ઉપયોગ માટેની હોય તેની વિગતવાર સંપૂર્ણ અને સ્પષ્ટ માહિતી વિ. મુદ્દા નં. (૧)થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૮–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૫૭/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૨૮–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ટી.પી.સ્કીમ નં.૧૩(અડાજણ) ફા.પ્લોટ નં.૭૨માં આવેલ શિવમ સોસાયટીના પ્લોટ નં.૧ અને ૨ માં બનાવવામાં આવેલ પંચવટી એપાર્ટમેન્ટમાં માર્જીનમાં બનાવેલ બાંધકામવાળી ભગવતી એસ્ટેટવાળી દુકાનને આપેલ પરવાનગી, ક્ષેત્રફળ, માળ પરવાનગી તથા પાર્કીંગ તેમજ જો પરવાનગી આપેલ હોય તો તે રહેઠાણ માટે કે કોમર્શિયલ ઉપયોગ માટેની હોય તેની વિગતવાર સંપૂર્ણ અને સ્પષ્ટ માહિતી વિ. મુદ્દા નં.(૧)થી (૪)ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)ના પત્ર નં. આઉટ વર્ડ નં. ૮૫૦ તા. ૨૧–૧૨–૧૧, ખાતાકીય તપાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. જીએડી/ઈએસટી/આઈ/૪૮૨ તા. ૧૬–૧૨–૧૧, એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. એન.ઝેડ/આઉટ/નં.૬૨૭૭ તા. ૨૧–૧૨–૧૧, ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આઉટ/નં.૧૭૫૩ તા. ૧૯–૧૨–૧૧ તથા વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. વી.આઈ.ડી/આ.નં.૧૮૦૩ તા. ૨૩–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૮–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા મુદ્દા નં.૪ અંગે આવી અરજીઓ નિર્દિષ્ટ અધિકારી વિરુધ્ધની મળેલ છે કે કેમ ? આ અરજીના અરજદાર સિવાય કેટલી છે ? અને તે અંગે નકલ આપવા–નહીં આપવા જાહેર માહિતી અધિકારીનો મત તથા તે અંગે થયેલ નહીં– થયેલ કાર્યવાહીની વિગતો પણ મોકલવા પત્ર નંઆરટીઆઈ સેલ/૧૫૬૫ તા.૨૩–૧–૧૨ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) , એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન) , કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) , વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન

ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(વીજીલન્સ) ખાતાકીય તપાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૨૧૧ તા.૩૧–૧–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૮૧૫ તા.૭–૧૨–૧૧ થી મ. જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ ઓફિસર (મધ્યસ્થ મહેકમ), વીજીલન્સ, મધ્યસ્થ શહેર વિકાસ, તમામઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૦૧૯ તા.૧૪–૧૨–૧૧ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૨૧૬૩ તા.૩૦–૧–૧૨ થી પૂરક પત્ર મળેલ છે. જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/આ.નં.૨૦૬૫ તા.૩૧–૧–૧૨ થી પૂરક વિગતોમાં વેસ્ટઝોન તરફથી તબદીલ થયેલ તા.૭–૧૨–૧૧ ના પત્રની નકલ, મુળ અરજીની નકલ, વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/૧૭૫૫ તા.૧૩–૧૨–૧૧ થી વેસ્ટઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૦૨૯ તા.૧૩–૧૨–૧૧ થી વીજીલન્સ અને ખાતાકીય તપાસ અધિકારીને તબદીલ કરેલ પત્રની નકલ, વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/૧૮૦૩ તા.૨૩–૧૨–૧૧ થી વેસ્ટઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, વિપુલ હરીશચંદ્ર ભટ્ટની તા.૧૪–૭–૧૧ ની અરજીની નકલ, વીઆઈડી/૮૫૭ તા.૨૦–૭–૧૧ થી રાંદેરઝોનને પાઠવેલ પત્રની નકલ, કે.કે.માટલીવળાની તા.૮–૬–૧૦ અને તા.૨૮–૭–૧૦ ની અરજીની નકલ, વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/૮૬૨ તા.૩૦–૮–૧૦ થી કે.કે. માટલીવાળાને પાઠવેલ પત્રની નકલ અત્રે મળેલ છે. મ. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/આ.નં.૧૦૪૮ તા.૬–૨–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગેપત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૮૫૦ તા.૨૧–૧૨–૧૧ ના પત્રની નકલ, તબદીલ કરેલ પત્રની નકલ, વેસ્ટઝોને શ્રીમતિ ક્રિષ્ના હિતેશભાઈ પટેલને વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૪૮૯ તા.૧૫–૬–૦૯ થી પાઠવેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૭૮૨૩ તા.૭–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, વેસ્ટઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૬૨૭૭ તા.૨૧–૧૨–૧૧ થી પાઠવેલ પત્રની નકલ, ફી ભર્યાની વિગત અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/મહેકમ/૨૧૭૫ તા.૮–૨–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/મહેકમ/આ.નં.૨૧૬૬ તા.૭–૨–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન અને વરાછાઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે ખાતાકીય તપાસ અધિકારી તરફથી પણ કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. પરંતુ અરજદારે અરજી સાથે મળેલ પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૮૨ તા.૧૬–૧૨–૧૧ ની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૮–૧૧–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) ટી.પી.સ્કીમ નં.૧૩(અડાજણ) ફા.પ્લોટ નં.૭૨માં આવેલ શિવમ સોસાયટીના પ્લોટ નં.૧ અને ૨ માં બનાવવામાં આવેલ પંચવટી એપાર્ટમેન્ટમાં માર્જીનમાં બનાવેલ બાંધકામવાળી ભગવતી એસ્ટેટવાળી દુકાનને આપેલ પરવાનગી, ક્ષેત્રફળ, માળ પરવાનગી તથા પાર્કીગ તેમજ જો પરવાનગી આપેલ હોય તો તે રહેઠાણ માટે કે કોમર્શિયલ ઉપયોગ માટેની હોય તેની વિગતવાર સંપૂર્ણ અને સ્પષ્ટ માહિતી મુદ્દા નં.૧ થી ૪ થી વિગતો માંગતી અરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જે રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૮૧૫ તા.૭–૧૨–૧૧ થી મ. જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ ઓફિસર (મધ્યસ્થ મહેકમ), વીજીલન્સ, મધ્યસ્થ શહેર વિકાસ, તમામઝોનને વિલંબથી તબદીલ કરવામાં આવેલ. જે મધયસ્થ મહેકમ તરફથી જીએડી/ઈએસટી/૩૦૨૯ તા.૧૩–૧૨–૧૧ થી વીજીલન્સ વિભાગ અને ખાતાકીય તપાસ અધિકારીને તબદીલ કરવામાં આવેલ. વીજલન્સ વિભાગ તરફથી પત્ર નં.વીઆઈડી/૧૭૫૫ તા.૧૩–૧૨–૧૧ થી મુદ્દા ન.૧ થી ૩ તથા વીઆઈડી/૧૮૦૩ તા.૨૩–૧૨–૧૧ થી વેસ્ટઝોનને તબદલ કરવામાં આવેલ. મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પણ પત્ર નં.ટીડીઓ/૩૯૪ તા.૧૪–૧૨–૧૧ થી વેસ્ટઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૮૫૦ તા.૨૧–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં મુદ્દા નં. ૧ થી ૪ ની માહિતી આપવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) ટી.પી.સ્કીમ નં.૧૩(અડાજણ) ફા.પ્લોટ નં.૭૨માં આવેલ શિવમ સોસાયટીના પ્લોટ નં.૧ અને ૨ માં બનાવવામાં આવેલ પંચવટી એપાર્ટમેન્ટમાં માર્જીનમાં બનાવેલ બાંધકામવાળી ભગવતી એસ્ટેટવાળી દુકાનને આપેલ પરવાનગી, ક્ષેત્રફળ, માળ પરવાનગી તથા પાર્કીગ તેમજ જો પરવાનગી આપેલ હોય તો તે રહેઠાણ માટે કે કોમર્શિયલ ઉપયોગ માટેની હોય તેની વિગતવાર સંપૂર્ણ અને સ્પષ્ટ માહિતી. મુદ્દા નં.(૨) ઉપરોકત મુદ્દામાં જણાવ્યા મુજબના પંચવટી એપાર્ટમેન્ટમાં માર્જીન (કોમન પ્લોટ) જો છોડવામાં આવેલ હોય તો તેની વિગતવાર સંપૂર્ણ માહિતી અને જો ન છોડવામાં આવેલ હોય તો જે તે બાંધકામની સંપૂર્ણ અને સ્પષ્ટ માહિતી. મુદ્દા નં.(૩) મુદ્દા નં.૧ માં જણાવેલ બાંધકામ વિરુધ્ધ આજ સુધીમાં આપની કચેરી સમક્ષ આવેલ અરજીઓ ઉપલી કચેરીએથી આવેલ અરજીઓ તથા જે તે અરજીઓ સંદર્ભે આપના તરફથી થયેલ કાર્યવાહી અને તારીખ, નકલ સહિતની સંપૂર્ણ માહિતી. મુદ્દાનં.(૪) જુ.ઈજનેરશ્રી આર.જેટેલર, ડે.ઈજનેર શ્રી એન.વી. ચૌધરી વિરુધ્ધ કાર્યવાહી અર્થે મળેલ અરજીઓ તથા તે સંદર્ભે થયેલ કાર્યવાહીની સંપૂર્ણ અને સ્પષ્ટ માહિતી. તેવા મુદ્દા નં.૧ અને ૨ બાબતે જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી ટી.પી. સ્કીમ નં.૧૩ (અડાજણ) ,

ફા.પ્લોટ નં.૭૨ , સબ પ્લોટ નં.૧ અને ૨ ના પ્લાન ટીડીઓ/૧૨૭ તા.૧૫–૧૦–૦૪ થી મંજુર કરવામાં આવેલ છે. જે પ્લાનની નકલના રૂા.૧૧૦/– તેમજ રજાચિઠ્ઠીની નકલના રૂા.૪/– વેસ્ટઝોન કચેરીએ ભર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ બાબતે સદરહુ મિલ્કતમાં નોટીસ પત્ર આ.નં.૪૮૯ તા.૧૫–૬–૦૯ થી આપવામાં આવેલ છે. જેની નકલના રૂા.૨/– વેસ્ટઝોન કચેરીએ ભર્યેમળી શકશે. મુદ્દા નં.૪ બાબતે ઉપલબ્ધ રેકર્ડ મુજબ કોઈ કાર્યવાહી થયેલ હોવાનું જણાતું નથી. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી ખાતાકીય તપાસ અધિકારી તરફથી પત્ર ન.જીએડી/ઈએસટી/આઈ/૪૮૨ તા.૧૬–૧૨–૧૧ થી મુદ્દા નં.૪ બાબતે ઉપલબ્ધ રેકર્ડ જોતાં બંને કર્મચારીઓ સામે ઈન્કવાયરી ખાતામાં કોઈ અરજી મળેલ નથી કે તે સંદર્ભે આ ખાતા ધ્વારા કોઈ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું જણાતું નથી તેવું સમય અવધિમાં જણાવેલ.જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૭૫૩ તા.૧૯–૧૨–૧૧ થી મુદ્દા નં.૧ થી ૪ બાબતે સેન્ટ્રલઝોનને લાગત નથી. તેવું સમય અવધિમાં જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/ આ.નં.૧૦૧૯ તા.૧૪–૧૨–૧૧ થી જુની. ઈજનેર આર.જે.ટેલર તથા ડે.ઈજનેર એન.વી.ચૌધરી અંગે માહિતી "નીલ" છે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૬૨૭૭ તા.૨૧–૧૨–૧૧ થી માંગવામા આવેલ માહિતીના મુદ્દા નં.૪ થી ઉપસ્થિત રેકર્ડની ચકાસણી કરતાં જુ.ઈ. શ્રી આર.જે.ટેલર તથા ડે.ઈજનેર એન.વી.ચૌધરી વિરુધ્ધ અત્રેના ઝોનના ઈન્કવાયરી વિભાગ ધ્વારા કોઈ કાર્યવાહી કરેલ હોવાનું જણાતું નથી તેવું જણાવેલ.

જે અંગે અરજદારે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના પત્ર નં.૮૫૦ તા.૨૧–૧૨–૧૧, કતારગામઝોનના પત્ર નં.૬૨૭૭ તા.૨૧–૧૨–૧૧ થી કોઈ કાર્યવાહી કરેલ હોવાનું જણાતું નથી. તથા , સેન્ટ્રલઝોન ના પત્ર નં.૧૭૫૩ તા.૧૯–૧૨–૧૧ થી અધૂરી માહિતી તથા ઝોનને લાગુ ન હોવાનું જણાવી અને વીજીલન્સ વિભાગના પત્ર નં.૧૭૫૫ તા.૧૩–૧૨–૧૧ અને પત્ર નં.૧૮૦૩ તા.૨૩–૧૨–૧૧ થી મળેલ પ્રત્યુત્તરથી તથા ઉધના, લીંબાયત અને વરાછાના નહીં મળેલા પ્રત્યુત્તરથી નારાજ થઈ તા.૧૮–૧–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે મુદ્દા નં.૩ અને ૪ બાબતે વિપુલ હરીશચંદ્ર ભટ્ટની તા.૧૫–૭–૧૧ ના રોજ કરેલ અરજી તથા તે અંગે થયેલ કાર્યવાહીની વિગત છુપાવવાની રજૂઆત કરેલ છે. જયારે મુદ્દા નં.૪ માં મજકુર કર્મચારીઓ વિરુધ્ધ મળેલ અરજી અને કાર્યવાહી બાબતે રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી મુદ્દા નં.૪ નો જવાબ આપેલ છે જે અંગે અરજદારે કચેરીએ રૂા.૧૧૬/– ભરેલ. જેથી વેસ્ટઝોન તરફથી જરૂરી નકલ પણ તા.૧૭–૧–૧૧ થી આપેલ છે અને અરજદારની સહી પણ લીધેલ છે. વધુમાં પૂરક વિગતોમાં મુદ્દા નં.૪ અન્વયે નિર્દિષ્ટ કર્મચારી વિરુધ્ધ થયેલ કાર્યવાહીની માંગેલ માહિતી જે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી મુજબ સદર મિલ્કત હેઠળ આ નિર્દિષ્ટ કર્મચારી વિરુધ્ધ કોઈ અરજી કે કાર્યવાહી થયેલ બાબત રેકર્ડ પર ઉપલબ્ધ નથી અને આ બાબતે અત્રેથી કોઈ માહિતી છુપાવવાનું કારણ ઉત્પન્ન થતું નથી. તથા તેઓના અપીલના મુદ્દાઓ પણ સંદિગ્ધ પણ જણાય છે તેવું જણાવેલ છે. સદર વિગતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પણ પૂરક વિગતોમાં મજકુર બંને કર્મચારી સેન્ટ્રલઝોન ખાતે ફરજ બજાવતાં ન હોય માંગેલ માહિતીનો કોઈ રેકર્ડ ન હોય સેન્ટ્રલઝોનને લાગત નથી. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી નોર્થઝોન/આ.નં. ૬૨૭૭ તા.૨૧–૧૨–૧૧ થી આપેલ પૂરક વિગતોમાં ઉપસ્થિત રેકર્ડની ચકાસણી કરતાં મજુકર કર્મચારીઓની નોર્થઝોન કતારગામઝોનના ઈન્કવાયરી વિભાગ ધ્વારા કોઈ કાર્યવાહી કરેલ હોવાનું જણાતું નથી. તેવું જણાવેલ છે. વીજીલન્સ તરફથી પૂરક વિગતોમાં મુદ્દા નં.૪ બાબતે અન્ય અરજદાર વિપુલ ભટ્ટ ધ્વારા તા.૧૫–૪–૧૧ ના રોજ જે અરજી કરવામાં આવેલ છે તે અરજીમાં મજકુર કર્મચારીઓ વિરુધ્ધમાં કોઈ નામજોગ રજૂઆત કરેલ નથી. વિપુલ ભટ્ટની અરજીમાં વેસ્ટઝોનના જુ. ડે. ઈજનેર નું સંબોધત ભ્રષ્ટાચારનાઆક્ષેપો કરવામાં આવેલ છે. જે સંદર્ભે અન્ય અરજદાર ધ્વારા તા.૮–૬–૧૦ થી ભ્રષ્ટાચારના આક્ષેપ કરવામાં આવેલ છે અને એજ અરજદાર ધ્વારા તા.૭–૮–૧૦ ના પત્રથી તેઓની અરજી દફતરે કરવા વિનંતી કરવામાં આવેલ. જે પત્ર નં.વીઆઈડી/૮૬૨ તા.૩૦–૮–૧૦ થી આ અરજી દફતરે કરવામાં આવેલ. આ અરજદારની બંને અરજીઓ તેમજ આ અરજી દફતરે કરવા અંગેના પત્રો ની નકલ પૂરક વિગતોમાં રજૂ કરેલ છે.

અરજદારે અપીલના કારણોમાં મુદ્દા નં.(૧) શીવમ સોસા. તથા ભગવતી સોસા.ની દુકાનોની પરવાનગી તથા માર્જીનની જગ્યાની માહિતી નહીં આપવાની અને બાંધકામ વિરુધ્ધની કાર્યવાહી અંગેની રજૂઆત કરેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારીએ સબ પ્લોટ નં.૭૨ , પ્લોટ નં.૧ અને ૨ ના પ્લાનની ટીડીઓ/૧૨૭ તા.૧૫–૧–૦૪ થી મંજુર કરવામાં આવેલ છે તથા પ્લાન અને રજાચિઠ્ઠીની નકલના રૂા.૧૧૪/– ભર્યેથી માહિતી આપવાનો પ્રસ્તાવ પણ કરેલ છે જે અનુસાર અરજદારે પ્લાન તથા રજાચિઠ્ઠીની માહિતી તા.૧૭–૧–૧૧ ના રોજ ભરીને મેળવેલ છે. જયારે કાર્યવાહી બાબતે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં નિર્દિષ્ટ કર્મચારી વિરુધ્ધ કોઈ અરજી કે કાર્યવાહી થયેલ હોવા બાબતે દસ્તાવેજ રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેથી કોઈ માહિતી છુપાવવાનું કારણ ઉપસ્થિત થતું નથી. તેમજ અપીલના મુદ્દા પણ સંદિગ્ધ જણાય છે તેવું પણ અપીલ તબકકે જણાવેલ છે. અરજદારે અપીલના મુદ્દા નં.(૨) જાહેર માહિતી અધિકારી ઉધના, વરાછા અને લીંબાયતઝોન તરફથી કોઈ માહિતી

મળેલ નથી. તેવા પ્રશ્ન બાબતે ઉધનાઝોન તરફથી વિલંબથી પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૨૧૬૬ તા.૭–૨–૧૨ થી ઉધનાઝોન ખાતે તા.૨૯–૩–૧૯૯૮ થી તા.૧૮–૫–૦૬ દરમ્યાન રેકર્ડ જોતાં તેમની સામે કોઈ શિક્ષાત્મક કે ખાતાકીય નોટીસ આપેલ હોવાનું જણાતું નથી. તેવું જણાવેલ છે. જયારે લીંબાયત અને વરાછાઝોન તરફથી અરજદારને માહિતી પૂરી પાડેલ જણાતી નથી. અપીલના મુદ્દા નં.૫ માં સેન્ટ્રલઝોન ધ્વારા સે.ઝોન/૧૭૫૩ તા.૧૯–૧૨–૧૧ થી આપેલ માહિતી છુપાવવા બાબતે પૂરક વિગતોમાં મજકુર બંને કર્મચારીઓ સેન્ટ્રલઝોનમાં ફરજ બજાવતા ન હોય તથા અરજદારે માંગેલ માહિતી બાબતે કોઈ રેકર્ડ ન હોઈ માહિતી સેન્ટ્રલઝોનને લાગત નથી તેવું જણાવેલ છે. અપીલના મુદ્દા નં.૬ માં કતારગામઝોનના પત્ર નં.૬૨૭૭ તા.૨૧–૧૨–૧૧ ના જવાબમાં કાર્યવાહી કરેલ હોવાનું જણાતું નથી તેવા પ્રશ્ન બાબતે મજકુર કર્મચારીઓ વિરુધ્ધ નોર્થઝોન ઈન્કવાયરી વિભાગ ધ્વારા કોઈ કાર્યવાહી થયેલ હોવાનું જણાતું નથી. અરજદારે વીજીલન્સના પત્ર નં.૧૭૫૫ તા.૧૩–૧૨–૧૧ અને ૧૮૦૩ તા.૨૩–૧૨–૧૧ જે તબદીલી અંગેના છે તથા તેમના તરફથી પાયા વિહોણી તથા તા.૧૫–૭–૧૧ ના વિપુલ હરિશચંદ્ર ભટ્ટની મજકુર કર્મચારીઓ સામે લેખિતમાં રજૂઆત થયેલ હોવા છતાં માહિતી છુપાવવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે વીજીલન્સ તરફથી પૂરક વિગતોમાં અરજદાર વિપુલ ભટ્ટ ધ્વારા તા.૧૫–૪–૧૧ ના રોજ અરજી કરવામાં આવેલ. જે મજકુર કર્મચારી જુની. ઈજનેર શ્રી ટેલર અને ડે. ઈજનેર શ્રી એન.વી. ચૌધરી વિરુધ્ધમાં નામજોગ કોઈ રજૂઆત કરેલ નથી. વિપુલ ભટ્ટની અરજીમાં વેસ્ટઝોનના જુની. ઈજનેર, ડે.ઈજનેર અને કાર્યપાલક ઈજનેરને સંબોધન કરી ભ્રષ્ટાચારના આક્ષેપો કરવામાં આવેલ છે. વધુમાં તે સિવાય વીજીલન્સ વિભાગમાં જુની. ઈજનેર આર. જે ટેલરની વિરુધ્ધ અન્ય અરજદાર ધ્વારા તેમની તા.૮–૬–૧૦ ની અરજીથી ભ્રષ્ટાચારના આક્ષેપ કરવામાં આવેલ. જે સંદર્ભે એજ અરજદાર ધ્વારા તેમના તા. ૭–૮–૧૦ ના પત્રથી તેઓની અરજી દફતરે કરવા વિનંતી કરવામાં આવેલ. જેના સંદર્ભે પત્ર ક્રમાંક વીઆઈડી/૮૬૨ તા.૩૦–૮–૧૦ થી આ અરજી દફતરે કરવામાં આવેલ. આ અરજદારની બંને અરજીઓ તેમજ આ અરજી દફતરે કરવા અંગેની પત્રની નકલ પણ અત્રે રજૂ કરેલ છે. પરંતુ અરજદારને તેવી માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. જે પૂરી પાડવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૮–૧૧–૧૧ ની અરજી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી વીજીલન્સ ધ્વારા પૂરક વિગતોમાં જણાવેલ માહિતી અરજદારને પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા વીજલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવેલ છે.

જયારે જાહેર માહિતી અધિકારી વરાછા અને લીંબાયતઝોન તરફથી મુદ્દા નં.૪ અંગે જો મજકુર કર્મચારીઓ ફરજ બજાવેલ હોય તો તે બાબતેની કાર્યવાહી સંબંધે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી અન્યથા નીલ માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા અનુક્રમે એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તથા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) , સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ,એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન) ,કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) , એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) , વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(વીજીલન્સ) , ખાતાકીય તપાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,